**ATUL VIDYALAYA**
**FIRST PRELIM EXAMINATION 2012 - 13**
**GUJARATI (SECOND LANGUAGE)**

**STD : X** **[TYPE-A]** **M.M : 80**
**Date :** **Time: 3 Hrs.**
**Session : I**

---

***Answers to this paper must be written on the paper provided separately.***
***You will not be allowed to write during the 15 minutes.***
***This time is to be spent in reading the question paper.***
***The time given at the head of this paper is the time allowed for writing the answer.***
***Write paper set number on your answer sheet.***

---

***This paper comprises of two sections; Section A and Section B.***
***Attempt all the questions from Section A.***
***Attempt four questions from section B, answering at least one question each from the two books you have studied and any two other question.***
***The intended marks for questions or part of questions are given in brackets [ ].***

---

## વિભાગ- અ {40}

**Question 1.**


નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (૧૫)

(૧) બૃહદ મુંબઈ મહાનગર પાલિકાના સફાઈ કર્મચારીની આપવીતી

(૨) વલસાડ શાકમાર્કેટમાં મેં વિતાવેલ એક કલાક

(૩) 'ચળકે એટલું સોનું નહિ' આ વિષય ઉપર એક ટુંકી વાર્તા લખો.

(૪) નીચે આપેલું ચિત્ર જુઓ. આ ચિત્ર શું સુચવે છે ? આ ચિત્રના વર્ણન સાથે તમારા મનમાં ઉઠતા ભાવોને વર્ણવો.



**Question 2.**

નીચેનામાંથી કોઈપણ એક વિશે પત્ર લખો. (૭)

(૧) આસામમાં આવેલ બ્રભપુત્રા નદીના પૂરપીડીતોને મદદ કરવાની હાકલ કરતો એક લેખ તમે લખેલ છે. જેને ગુજરાત સમાચાર પત્રમાં છાપવાનો અનુરોધ કરતો પત્ર તંત્રીને લખો.

(૨) તારક મહેતાના ઉલ્ટા ચશ્માના કલાકારો સાથે તમારી રૂબરૂ મુલાકાત થઈ હતી, આ મુલાકાત, ક્યારે, કેવી રીતે, તમને કેવી લાગી, તમને શું જાણવા અને શીખવા મળ્યું વગેરે બાબતોની ચર્ચા કરતો પત્ર તમારા મિત્રને લખો.

**Question 3.**

નીચેનો પરિચ્છેદ વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો.(૧૦)
એક વખત એક જૈન સાધુ વહોરવા (ભિક્ષાન્ન લેવા) નીકળ્યા હતા. એમને એક માણસે વિનંતી કરી કે,

'મહારાજ, મારે ત્યાં વહોરવા પધારો.'

સાધુ કહે, 'ના, હું નહીં આવું.'

'કેમ મહારાજ ?'

'કેમ કે તેં કોઈ વ્રત લીધું નથી.'

'તો હું વ્રત લઉં. મને કોઈ વ્રત આપો. પછી તો આપ પધારશો ને ?'

'બોલ, શાનું વ્રત લઈશ ? દારૂ ન પીવાનું વ્રત લઈશ ?'

'ના મહારાજ, એ તે કેમ બને ? બીજું કોઈ વ્રત આપો.'

'તો આજથી જુગાર ન રમવાનું વ્રત લે.'

'મહારાજ, જુગાર રમ્યા વગર કેમ ચાલે ?'

'તો ચોરી નહીં કરું એવું વ્રત લે.'

'ખરા છો તમેય, મહારાજ. પછી હું ખાઉં શું ?'

'તો સાચું બોલવું એટલું વ્રત લે.'

પેલા માણસને થયું કે આ એક વ્રત એવું છે કે એમાં કોઈ વસ્તુ જતી કરવી પડે એમ નથી. તરત જ એ બોલ્યો : 'મહારાજ, ભલે એ વ્રત આજથી હું લઉં છું.' વ્રત લીધું ને બીજે દિવસે ભાઈને દારૂ પીવા જવાની ઈચ્છા થઈ; પણ વ્રત યાદ આવ્યું. દારૂ પીધા પછી કેફમાં જૂઠું બોલાઈ ગયું તો ? તો તો સાચું બોલવાનું વ્રત લીધું છે એ તૂટે. જુગારની ઈચ્છા થઈ, વ્યભિચારનો વિચાર આવ્યો. પણ મનને થયું કે એ બધામાં સાચું બોલીને આગળ ચાલવું મુશ્કેલ છે. પણ ચોરી કરવા ગયા વગર તો છૂટકો જ ન હતો. ચોરી વગર ખાવું શું ? એણે ખૂબ વિચાર કરી જોયો. અંતે નક્કી કર્યું કે ચોરી કરવી પણ એવી કરવી કે પછી એમાંથી આખી જિંદગી ગુજારો થઈ શકે. એક વાર ચોરી કરી આવીને પછી ઘરમાં બેઠાબેઠા ખાવું. બહાર નીકળીએ તો જૂઠું બોલવું પડે ને ? ચોરી પણ એવાને ઘેર કરવી કે જેની પાસે સૌથી વધુ ધન હોય. એવો તો કોણ હોય ? લાવ, રાજાને ત્યાં જ ખાતર પાડું એમ કરી એ નીકળ્યો.

રસ્તામાં સિપાઈ મળ્યા. પૂછ્યું : 'અલ્યા, ઊભો રહે, કોણ છે ?'

પેલો કહે : 'ચોર છું.' એને સાચું બોલવાનું વ્રત હતું ને ?

સિપાઈઓએ પૂછ્યું : 'ક્યાં જાય છે ?'

પેલો કહે : 'રાજમહેલમાં ચોરી કરવા.'

સિપાઈઓએ કહ્યું કે કોઈ ગાંડો લાગે છે. એમણે એને જવા દીધો. રાજદરબારની દોઢી આવળ પણ એ પ્રમાણે થયું. ચોર રાજમહેલ પાસે આવ્યો. એક બારી ખુલ્લી જોઈ ઉપર ચઢ્યો. બધી ચીજો જોવા લાગ્યો : આ તો મારે શા કામની છે ? આને હું શું કરું ? આને સંતાડવી ક્યાં ? લઈ જાઉં તો જૂઠું બોલ્યા વગર છૂટકો જ નહીં. છેવટે એક દાબડી એના જોવામાં આવી. ઉઘાડીને જુએ તો અંદર બીજી દાબડી. એમાં જુએ તો સાત રત્નો. ચોરને થયું કે આટલાં બધાં મારે શું કરવાં છે ? ચાર બસ છે. અંદરથી ચાર રત્ન લઈને એણે છેડે ખોસ્યાં. ત્રણ દાબડીમાં રહેવા દીધાં ને દાબડી હતી તેમ બંધ કરીને પાછી એને ઠેકાણે મૂકી. બારીએ થઈને ઊતરી ઘરને રસ્તે પડ્યો. રસ્તામાં એને એક માણસે રોક્યો. રાજા જ વેશપલટો કરીને નગરચર્ચા જોવા નીકળેલો. એણે ચોરને ઊભો રાખ્યો ને પૂછ્યું: 'અલ્યા કોણ છે ?'

'ચોર છું.'

'ક્યાંથી આવે છે ?'

'ચોરી કરીને આવું છું.'

'કોને ત્યાંથી ?'

'રાજાના રાજમહેલમાંથી.'

'શું ચોરી લાવ્યો ?'

જવાબમાં ચોરે છેડે ખોસેલાં ચાર રત્નો હથેળીમાં ધરીને બતાવ્યાં. રાજાએ કહ્યું : 'વાત તો સાચી. ક્યાં રહે છે ?' પેલા એ ઠેકાણું આપ્યું. બંને છૂટા પડ્યા. રાજમહેલમાં જઈને રાજા તો સૂઈ ગયો. સવારે સૌ જુએ તો રાજમહેલની બારી ઉઘાડી. તરત બૂમ પડી કે રાજમહેલમાં ખાતર પડ્યું છે. થોડી વારમાં પ્રધાનજી આવ્યા. એમણે તપાસ કરી. જુએ છે તો બધું અકબંધ. કશું ગયેલું દેખાયું નહીં. એમ કરતાં પેલી દાબડી એમની નજરે ચઢી. ખોલી. અંદર ત્રણ રત્ન પડ્યાં હતાં. પ્રધાનને થયું કે કોઈ મૂર્ખો લાગે છે. ત્રણ રત્ન મૂકીને ગયો છે. એ ત્રણ રત્ન એમણે ગજવામાં મૂકી દીધાં ને દાબડી એને ઠેકાણે મૂકી. રાજા પાસે જઈને પ્રધાનજીએ કહ્યું : 'મહારાજ, બીજું બધું તો સલામત છે. માત્ર દાબડીમાંનાં પેલા સાત રત્ન ચોર લઈ ગયો છે.' રાજા કંઈ બોલ્યો નહીં. એટલું જ કહ્યું કે જલદી ચોરને પકડી લાવો.'

ચોરને પકડવા અધિકારીઓએ બહુ મહેનત કરી, પણ કેમે કર્યો એ હાથમાં ન આવ્યો. પેલો તો ચારમાંથી એક રત્ન વાણિયાને ત્યાં આપીને કહી આવ્યો હતો કે, 'શેઠજી, આમાંથી ચાલે ત્યાં સુધી રોજ મારે ઘેર સીધું મોકલી આપજો. ખૂટે ત્યારે કહેજો.' સીધું આવે એટલે પતાવી, ખાઈ કરી ખાટલામાં ઘરખૂણે પડી રહેતો. બહાર નીકળે ને જૂઠું બોલવાનો પ્રસંગ આવે એવું રાખ્યું જ ન હતું. ચોર ન જ પકડાયો ત્યારે એક દિવસે પછી રાજાએ દરબાર ભર્યો. પ્રધાનને ને સૌ અધિકારીઓને પૂછ્યું કે, 'ચોર તમારાથી પકડી શકાય એમ છે ?' તેઓએ લાચાર બનીને ના પાડી. ત્યારે રાજાએ ચિઠ્ઠી લખીને એક માણસને આપી. 'જા, આ માણસને બોલાવી લાવ.'

માણસ બોલાવવા આવ્યો ત્યારે ચોર તો બારણું અધખોલું રાખીને અંદર ખાટલા પર મજાથી સૂતેલો. ચોરને થયું કે છેવટે પોતે પકડાયો ખરો. રાજા પાસે પહોંચ્યો એટલે પહેલું જ રાજાએ એને પૂછ્યું :

'તું શો ધંધો કરે છે ?'

'ચોરીનો ધંધો કરતો હતો, અન્નદાતા !'

'કરતો હતો ? હવે કરતો નથી ?'

'ના, મહારાજ. પહેલાં કરતો હતો. હવે નથી કરતો.'

'ક્યારથી નથી કરતો ?'

'રાજમહેલમાંથી ચોરી કરી ત્યારથી નથી કરતો.'

'રાજમહેલમાંથી શું ચોરી ગયો હતો ?'

'રત્નો.'

'કેટલાં ?'

'ચાર.'

'એ રત્નો ક્યાં છે ?'

'ત્રણ રત્નો મારી પાસે છે.'

'અને ચોથું ?'

'ચોથું પે...લા પાઘડીવાળા શેઠ બેઠા છે ને ? – એમને ત્યાં છે.'

શેઠ તો ગભરાઈ ગયા. કહે, 'રાજાજી, મને ખબર નહીં કે આપને ત્યાંનું હશે.'

રાજા કહે : 'ઠીક, એનું તો.' પછી ચોરની તરફ વળીને કહ્યું : 'અલ્યા, દાબડીમાં રત્નો તો સાત હતાં. તે સાતમાંથી ચાર જ ચોરેલાં ?'જી મહારાજ, ચાર જ લીધેલાં.'

'કેમ ચાર જ ?'

'એટલાં મારે આયખાભર પેટગુજારો કરવા માટે પૂરતાં હતાં.'

'તો બાકીનાં ત્રણ ક્યાં હતાં ?'

ચોર કહે : 'અમને ચોર લોકોને આવી વાતની ગમ પડે. ક્યાં ગયાં એ બતાવું ?'

રાજા કહે : 'બતાવ.'

'આ તમારા પ્રધાનજી છે ને ? – એમણે લીધાં હશે.' પ્રધાન તો વાઢ્યા હોય તો લોહી પણ ન નીકળે એવા થઈ

ગયા. રાજા કહે : 'પ્રધાન, સાચું બોલો. બાકીનાં ત્રણ રત્નો તમારી પાસે છે ?' કરગરીને પ્રધાને કબૂલ કર્યું : 'હા, મારી પાસે છે.' આ બધું જોઈ રાજાના અને સભાના આશ્ચર્યનો તો પાર રહ્યો નહીં. રાજાએ ચોરને પૂછ્યું : 'આ બધું શું છે ? પોતે ચોરી કરી ગયો છે એ વાત પણ સાચી અને બધું રજેરજ તું કબૂલ કરે છે એ પણ અમે જોઈએ છીએ.' પછી ચોરે પોતે સાધુ પાસેથી સાચું બોલવું એવું વ્રત લીધેલું તે બધી વાત કહી.

આખી સભા ચકિત થઈ. રાજા પ્રસન્ન થયો. એણે કહ્યું : 'પ્રધાન, આ માણસે તો પેટનો ખાડો પૂરવા ચોરી કરી હતી અને છતાં સાચું બોલવાનું ક્યાંય ચૂક્યો નથી અને તમે તો ખાવાપીવાની કશી ખોટ ન હતી તોયે વધુ સંઘરો કરવા ત્રણ રત્નો ચોરી ગયા. તો જે જગાએ એને જવાનું હતું તે જગાએ – કેદખાનામાં તમે જાઓ અને અહીં તમારી જગા એ પ્રધાનપદે હવેથી આ સત્યવ્રત બેસશે.

પ્રશ્નો ઃ

(૧) જૈન સાધુને પોતાના ઘરે ભિક્ષા વહોરવા આવવાની વિનંતી કોણ કરે છે ? સાધુ તે વ્યક્તિને શો જવાબ આપે છે ? (૨)

(૨) ભિક્ષુક કયા કયા વ્રત લેવાનું સૂચન કરે છે ? છેવટે કયું વ્રત લેવાનું પેલી વ્યકિત સ્વીકારે છે ? શા માટે ? (૨)

(૩) વ્રત લીધા પછી તે ક્યાં ચોરી કરવાનું નક્કી કરે છે ? કેમ ? (૨)

(૪) દાબડીમાં કેટલા રત્નો હતા ? તેને કેટલા રત્નોની ચોરી કરી ? પાછા વળતા રસ્તામાં તેને કોણ મળે છે ? (૨)

(૫) સત્ય બોલવાથી તમને થયેલ એક કળવો અને એક મીઠો પ્રસંગનું વર્ણન કરો. (૨)

**Question 4.**

નીચેના પ્રશ્નોના ઉત્તર સૂચના અનુસાર લખો. (૮)

(૧) લીટી દોરેલા શબ્દોની જગ્યાએ યોગ્ય રૂઢિપ્રયોગ વાપરી વાકય ફરીથી લખો. (૧)

→ <u>નજીવી કિંમતે</u> જીવન વિતાવતા આજના ફ્રાકંલિન જેવા એનેક પરિવારો મોંઘવારીના મહાયુધ્ધમાં હારીને આત્મહત્યા કરી લેતા હોય છે.

(૨) લીટી દોરેલા શબ્દોની જગ્યાએ યોગ્ય કહેવત વાપરી વાકય ફરીથી લખો. (૧)

→ જેઠાલાલને ડોક્ટર હંસરાજ હાથીએ દરરોજ ફાફડા અને જલેબી ખાવાની દવા આપી ત્યારે દયાએ કહ્યું કે આ તો <u>તેમને ગમતું હતું તે જ થયું</u>.

(૩) નીચે આપેલી કહેવતનો અર્થ લખી સાર્થક વાકય બનાવો. (૧)

→ પાડાને વાંકે પખાલીને ડામ

(૪) નીચે આપેલ રૂઢિપ્રયોગનો અર્થ લખી સાર્થક વાકય બનાવો. (૧)

→ ગળું કાપવું

(૫) નીચે આપેલા શબ્દનો દ્વિ-અર્થ લખો.

→ નવ, નાગ (૧)

(૬) નીચે આપેલા શબ્દસમૂહમાટે એક શબ્દ લખો. (૧)

→ તિથિ નક્કી કર્યા વિના આવનાર,

ગાડાં ભાડે ફેરવનાર

(૭) નીચે આપેલી ખાલીજગ્યામાં લીટી દોરેલાં શબ્દનો વિરોધી શબ્દ લખો. (૧)

→ <u>વેપારી</u> માટે દરેક _________ એ ભગવાન છે.

(૮) લીટી દોરેલા શબ્દનું લિંગ (જાતિ) બદલી વાકય ફરીથી લખો. (૧)

→ માળી ફૂલો ચૂંટે છે.

## વિભાગ - બ {40}

Attempt ***four*** questions from this Section.
You must answer at lest one question from each of the two books.
Each question has total **Ten (10)** Marks.
The intended marks for the questions or the part of the questions are given in the bracket.

### આત્મકથા

**Question 5.**
નીચેની કંડિકા વાંચી તેની આપેલા પ્રશ્નોના જવાબ ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો. (૧૦)

Read the extract given below and answer in GUJARATI, the questions that follow.

'ત્યારે શું તમે કોઈ રીતે મારે સારુ જગ્યા ન જ કાઢી શકો ?' માલમે મારી સામે જોયું. તે હસ્યોને બોલ્યો, એક ઉપાય છે.મારી કેબિનમાં એક હિંચકો ખાલી છે.

(૧) શંતરજની રમત કોણ કોણ રમે છે ? આ રમત વિશેનો તમારો અનુભવ અથવા અભિપ્રાય જણાવો. [2]

(૨) ગાધીજીને દક્ષિણ આફ્રિકા જતા ઓછું દુઃખ થયું હતું તેમ કહે છે શા માટે ? [2]

(3) કપ્તાનના પ્રેમ પ્રસંગની ચર્ચા કરી તે પરથી ગાંધીજી શો બોધ આપવા માગે છે ? (HOTS) [3]

(૪) ગાંધીજીને એજન્ટ કયો શક આવ્યો ? પછી તે શું કરે છે ? [3]

**Question 6.**
નીચેની કંડિકા વાંચી તેની આપેલા પ્રશ્નોના જવાબ ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો. (૧૦)
Read the extract given below and answer in GUJARATI, the questions that follow.

દોષની સજા ધક્કો નહોતો. હું તેની પાસે પાંચ મિનિટ પણ નહીં બેઠો હોઉં. મારું બોલવું જ તેને અસહ્ય લાગ્યું.

(૧) ઉપરોક્ત ચર્ચા ગાંધીજી ક્યારે અને શા માટે કરે છે ? [2]

(૨) મેમણ પેઢીનું આંમત્રણ શું હતું ? કોના માટે ? [2]

(3) કરીમ શેઠની કઈ વાત ગાંધીજી કબૂલ કરે છે ? શા માટે ? (HOTS) [3]

(૪) સોરાષ્ટ્રની શાસન વ્યવસ્થા વિશે ગાંધીજીનો અનુભવ જણાવો. [3]

**Question 7.**
નીચેની કંડિકા વાંચી તેની આપેલા પ્રશ્નોના જવાબ ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો. (૧૦)
Read the extract given below and answer in GUJARATI, the questions that follow.

'આ વેહેમ તારા જેવાને ન શોભે, લાવ તે તોડું.' 'એ કંઠી ન તૂટે, માતુશ્રીની પ્રસાદી છે.' 'પણ તમે તેને માનો છો ?'

(૧) ઉપરોક્ત વાક્યોમાં વ્યક્ત થતી ગાંધીજીની માતૃભાવનાની ચર્ચા કરો. [2]

(૨) 'પ્લીમથ બ્રધરન'ના કુટુંબની તેમના ધર્મ પ્રત્યે શી વિચારધારા હતી ? [2]

(3) પ્લીમથ બ્રધરનની કઈ દલીલને ગાંધીજી રદિયો આપે છે ? શા માટે ? [3]

(૪) મિ.બેકર તેમના શ્યામળા સાથીને લઈને ક્યાં જાય છે ? તેની પાછળ તેમનો કયો શુભાશય હતો ? (HOTS) [3]

## ધુમકેતુના વાર્તારત્નો

**Question 8.**

નીચેની કંડિકા વાંચી તેની આપેલા પ્રશ્નોના જવાબ ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો. (૧૦)
Read the extract given below and answer in GUJARATI, the questions that follow.

આજ તો અટાણમાં બાપા ! ગામ પવિતર કર્યું !' એમ બોલતોક ને, બીજો કોણ, મારો દોસ્ત હાજો રબારી, ત્યાં એક ખીજડાની પાસે બેઠેલો નજરે પડયો.

'ગોપાલ'

(૧) ભજનીકોની મંડળી અને ગોફણિયાના ઘા ક્યાંથી છુટતા ? આ જગ્યાના એતિહાસિક મહત્વની ચર્ચા કરો. [2]

(૨) અરજણના વિચાર-વર્તણુંક વિશે લખો. [2]

(૩) છેવટે હુજો કયું પગલું ભરે છે ? કેમ ? [3]

(૪) આ વાર્તામાંથી વાંચકને શો સંદેશ મળે છે ? [3]

**Question 9.**

નીચેની કંડિકા વાંચી તેની આપેલા પ્રશ્નોના જવાબ ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો. (૧૦)
Read the extract given below and answer in GUJARATI, the questions that follow.

પણ એ જમાનામાં દેશી રાજયોની બોલબાલા હતી.બાપુના બોલ એટલે કાયદો અને બાપુના વેણ એટલે ન્યાય. એવો એ જમાનો.

'મત્તું મારે માવજીભાઈ'

(૧) ગૉટપીટિયાને નોકરીમાંથી કોણ શા માટે છુટો કરે છે ? [2]

(૨) ગૉટપીટિયો કોના ઘરના આંટાફેરા કરે છે ? કેમ ? [2]

(૩) પોંપાબાઈનું રાજ એટલે શું ? એ રાજ કેવું ચાલતું ? [3]

(૪) બાપુના સલાહકાર કોણ હતું ? આ પાત્રનો પરિચય આપો. [3]



## શબ્દગુચ્છ

પ્રશ્ન.૩ નીચેના પ્રશ્નોના ઉત્તર સૂચના અનુસાર લખો. [8]

Answer the following questions according to the instructions given :

(૧) નીચે આપેલા શબ્દોના ગુજરાતીમાં **બે જુદા જુદા અર્થ આપો.** [8]

તારણ તરંગ દંડ દર દાન દમ ધોરણ નાકું નાથ નૂર પતિ પાયો પક્ષ પાત્ર પીઠ અક્ષર, કર

key's

અનુચિત

ગ્રાહક

પાણીના મૂલે